# નવસારી કૃષિ યુનિવર્સિટી

NAVSARI AGRICULTURAL UNIVERSITY

**દાંડી રોડ, નવસારી -૩૯૬૪૫૦**

**વંચાણમાં લીધો:** કલેક્ટરશ્રી, કલેક્ટર કચેરી, જમીન દફ્તર, ચીટનીશ શાખા, પ્રથમ માળ, જિલ્લા સેવા સદન, કાલીયાવાડી, નવસારીના તા.૨૬/૦૪/૨૦૨૪ ના પત્ર ક્રમાંક: સીએચ/એલ/એનડી/વશી ૧૧૬૧ થી ૧૧૬૯/૨૦૨૪

## કાર્યાલય આદેશ

નવસારી પોલીસ હેડ ક્વાર્ટરની જમીન બાબતની તા.૦૯.૦૨.૨૦૧૫ ના રોજ અધિક મુખ્ય સચિવશ્રી (ગૃહ) ના અધ્યક્ષ સ્થાને રાખવામાં આવેલ બેઠકમાં પોલીસ હેડ ક્વાર્ટર, નવસારી માટે જમીન ફાળવવા અંગેનો પ્રશ્ન ઉપસ્થિત થતા નવસારી કૃષિ યુનિવર્સિટી પાસેથી જમીન મેળવી પોલીસ હેડ ક્વાર્ટરના બાંધકામ માટે પોલીસ અધિક્ષક, નવસારીના હસ્તક મુકવા તથા તેની અવેજીમાં વેડછા ફાર્મની જમીન નવસારી કૃષિ યુનિવર્સિટીને ફાળવી આપવા માન.મુખ્યમંત્રીશ્રીએ સુચન કરેલ હતું. ઘણા લાંબા સમય બાદ કલેક્ટરશ્રી, કલેક્ટર કચેરી, નવસારીના ઉપરોક્ત તા.૨૬/૦૪/૨૦૨૪ ના પત્રથી સદર મોજે.વેડછા, તા.જલાલપોર, જી.નવસારીના જુના ખાતા નં.૯૬૫(નવા ખાતા નં.૧૦૬૫ અને ૧૩૫૬ પૈકીની) જુના સર્વે નંબર ૧૦૬૨(નવા રી.સ.નં.૧૧૪૦), ૧૦૬૩(નવા રી.સ.નં.૧૧૪૧), ૧૦૭૩(નવા રી.સ.નં.૧૧૪૨), ૧૦૬૪ (નવા રી.સ.નં.૧૧૪૩), ૧૧૬૫(નવા રી.સ.નં.૧૧૪૪), ૧૦૬૬(નવા રી.સ.નં.૧૧૪૫), ૧૦૬૯(નવા રી.સ.નં.૧૧૪૬), ૧૦૭૦(નવા રી.સ.નં.૧૧૪૭), ૧૦૭૧(નવા રી.સ.નં. ૧૧૪૮), ૧૦૭૨(નવા રી.સ.નં.૧૧૪૯), ૧૦૭૬(નવા રી.સ.નં.૧૧૫૦), ૧૦૭૫(નવા રી.સ.નં.૧૧૫૧) ક્ષેત્રફળ હે.૮-૪૦-૪૩ ચો.મી.જમીન વિના મુલ્યે નવસારી કૃષિ યુનિવર્સિટી ને હેતુફેરથી શરતોને આધિન તબદીલ કરવા હુકમ કરેલ છે.

મોજે.વેડછા, તા.જલાલપોર, જી.નવસારીની ઉપરોક્ત સર્વે નંબરવાળી જમીન અત્રેની નવસારી કૃષિ યુનિવર્સિટીને તબદીલ કરવા હુકમ થયેલ હોય આ કેન્દ્રનું નામ **"કૃષિ સંશોધન કેન્દ્ર, વેડછા" "Agricultural Research Station, Vedchha"** રાખવાના આથી આદેશ કરવામાં આવે છે

પ્રસ્તુત આદેશ અત્રેની કચેરીની નોંધ ફાઇલ પર માન. કુલપતિશ્રીની મંજૂરી મેળવીને બહાર પાડવામાં આવે છે.

જા. નં. નકૃયુ/રજી/લીગલ/૨૯૦૨-૯૫૨/ ૨૦૨૪

તારીખ ૦૩/૦૫/૨૦૨૪

કુલસચિવ

**નકલ સવિનય રવાના:**

નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ તથા સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ થવા સારૂ..